# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 7/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રગીત “વંદે માતરમ્”ના 150 વર્ષની ભવ્ય ઉજવણી.**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અંબાજીથી જનજાતીય ગૌરવયાત્રાનો શુભારંભ કરાવશે.**
3. **કચ્છની મુલાકાત લેતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , સરહદી ગામોએ 'સરહદના સંત્રી'ની ભૂમિકા અદા કરી છે.**
4. **આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની આગાહી.**
5. **નેશનલ ટેબલ ટેનિસમાં વિવાન દવે અને દેવ ભટ્ટએ કાંસ્ય ચંદ્રક જીત્યા.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# VANDE MATRAM

## (મ્યુઝિક – વંદે માતરમ્)

રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રગીત "વંદે માતરમ્"ના 150 વર્ષની ભવ્ય ઉજવણી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રની ઉપસ્થિતિમાં ગુજરાત વિધાનસભા પરિસર રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાશે. જેમાં રાષ્ટ્રગીત " વંદે માતરમ્"ના મૂળ સ્વરૂપના સમૂહગાન સાથે સ્વદેશીના શપથ ગ્રહણ કરાશે.

આ ઉપરાંત રાજ્યના વિવિધ પ્રભારી મંત્રીઓની ઉપસ્થિતિમાં જિલ્લાઓ ખાતે, મહાનગપાલિકાઓ, શાળા કોલેજો જિલ્લા પોલીસ કચેરીઓ ગ્રામ પંચાયત ખાતે પણ ઉજવણી કરાશે.

આ ઉપરાંત રાજ્યના પોલીસ બેન્ડ દ્વારા પાટનગર ગાંધીનગર તથા જિલ્લાના મુખ્ય મથકના જાહેર સ્થળોએ રાષ્ટ્ર ગીત "વંદે માતરમ્" તથા અન્ય દેશ ભક્તિના ગીતો આધારિત ધૂન પ્રસ્તુતિ કરાશે. આ ઉજવણીને પગલે રાજ્યની સરકારી કચેરીઓનો સમય આજે સવારે 9:30થી સાંજે 5:10 સુધીનો કરાયો છે.

---

# GAURAV YATRA CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અંબાજીથી જનજાતીય ગૌરવયાત્રાનો શુભારંભ કરાવશે. સરકાર દ્વારા 14 આદિજાતિ જિલ્લા સહિત રાજ્યભરમાં જનજાગૃતિ અને આદિજાતિ ગૌરવના સંદેશ સાથે જનજાતીય ગૌરવયાત્રાનું આયોજન કરાયું છે.

સાંભળીએ એક અહેવાલ.

# (વૉઈસકાસ્ટ – પ્રવેશ અડિએચા)

*(..... મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-દર્શનમાં 'જનજાતીય ગૌરવ વર્ષ ઉત્સવ' અંતર્ગત યોજાઈ રહેલી જનજાતીય ગૌરવ યાત્રાનો અંબાજીથી પ્રારંભ થશે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી સહિત વિવિધ રાજ્યમંત્રીઓ ઉપસ્થિત રહેશે. આ યાત્રા અંબાજી અને મહારાષ્ટ્રની સરહદે આવેલા ઉમરગામથી એમ બે સ્થળ પરથી આજથી 13 નવેમ્બર સુધી યોજાશે. દરમિયાન 14 આદિજાતિ જિલ્લાઓ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાં જનજાગૃતિ અને આદિજાતિ ગૌરવના સંદેશને આ યાત્રા લોકો સુધી પ્રસરાવશે. યાત્રા દરમિયાન જનજાતીય ગૌરવ રથ જે ગામમાં જશે ત્યાં લોકો દ્વારા સ્વાગત કરાશે. તેમજ રાત્રિરોકાણના સ્થળોએ ભગવાન બિરસા મુંડાના જીવન-કવનના નાટક, નિદર્શન અને કેન્દ્ર અને રાજ્ય સરકારની માહિતી પણ લોકોને અપાશે.*

*પ્રવેશ અડિએચા, આકાશવાણી સમાચાર, અમદાવાદ.)*

---

## SANGHAVI KUTCH VISIT

રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કચ્છ જિલ્લાના સરહદી ગામોની મુલાકાત દરમિયાન લખપત તાલુકાના કપુરાશી ગામ ખાતે કપૂરાશી અને કોરિયાણી ગ્રામજનો સાથે સંવાદ કર્યો.

આ પ્રસંગે શ્રી સંઘવીએ જણાવ્યું , સરહદી ગામોનો વિકાસ કેવી રીતે કરી શકાય તે ઉદ્દેશ સાથે 30થી વધુ IPS અધિકારીઓ ગામોમાં સભા સંવાદ યોજીને નાગરિકોની સમસ્યાઓથી અવગત થયા છે. સરહદી ગામોના નાગરિકોના રાષ્ટ્રપ્રેમને બિરદાવતા તેમણે કહ્યું , કચ્છના સરહદી ગામોએ 'સરહદના સંત્રી 'ની ભૂમિકા અદા કરી છે.

## બાઇટ : હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી

---

# HARSH SANGHVI - BK

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની કચ્છ મુલાકાતના પગલે ભારત-પાકિસ્તાનની સરહદે આવેલા બનાસકાંઠાના વાવ તાલુકાના કૂંડાળીયા ગામે ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમ પહોંચી હતી.

આ અધિકારીઓએ બોર્ડર સુરક્ષા, સ્થાનિક લોકોની સલામતી અને સરહદીય વિસ્તારોની પરિસ્થિતિ અંગે સ્થળ પર સમીક્ષા હાથ ધરી હતી. તેમણે ગ્રામજનો સાથે સંવાદ કરીને તેમની સમસ્યાઓ અને જરૂરિયાતો વિશે પણ માહિતી મેળવી હતી.

---

# WEATHER

આગામી દિવસોમાં ઠંડીમાં વધારો થવાની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 12 નવેમ્બર સુધી, રાજ્યમાં હવામાન સામાન્ય રીતે સૂકું રહેશે. જ્યારે લઘુત્તમ તાપમાનમાં ત્રણ દિવસ સુધી 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો ક્રમશઃ ઘટાડો રહેશે.

હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે. દાસે જણાવ્યું, અત્યારે દરિયાકાંઠાના પવનની દિશા ઉત્તર અને દક્ષિણ છે.

## બાઇટ : ડૉ.એ.કે દાસ, નિયામક

---

## TABLE TENNIS

ઈન્દોર ખાતે યોજાયેલી નેશનલ રેન્કિંગ ટેબલ ચેમ્પિયન   શિપમાં રાજ્યના ટેનિસ ખેલાડી વિવાન દવેએ ટેનિસમાં અંડર 15ની કેટેગરીમાં અને દેવ ભટ્ટે અંડર 13 કેટેગરીમાં કાંસ્ય જીત્યા છે.

ગત ઑગસ્ટે યોજયેલી સ્પર્ધામાં 13 વર્ષીય વિવાને કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. આ સાથે નેશનલ સ્પર્ધામાં ગુજરાતે 2 ચંદ્રકો મેળવ્યા છે.

---

## NATIONAL CANCER AWARENESS

રાજ્ય સહિત દેશભરમાં આજે સાત નવેમ્બરે રાષ્ટ્રીય કેન્સર જાગૃતતા દિવસ મનાવાશે. કેન્સરને હરાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય સરકાર દ્વારા તમામ જિલ્લામાં કુલ 35 ડે-કેર કિમોથેરાપી સેન્ટર શરૂ કરાયા છે. વર્ષ 2025-26માં આવા નવા સાત સેન્ટર શરૂ કરવાની પણ સરકારે મંજૂરી આપી છે.

સાંભળીએ એક અહેવાલ.

## (વૉઈસકાસ્ટ – મિત્તલ પટેલ)

*(.... કેન્સરને હરાવવાના ઉદ્દેશ સાથે રાજ્ય સહિત દેશભરમાં આજે રાષ્ટ્રીય કેન્સર જાગૃતતા દિવસ મનાવાશે. કેન્સરની શસ્ત્રક્રિયા બાદ કિમોથેરાપી સારવાર માટે તમામ જિલ્લામાં કુલ 35 ડે કેર કિમોથેરાપી સેન્ટર કાર્યરત્ છે. આ સેવાઓ શરૂ કરવાનો ઉદ્દેશ અંતરિયાળ વિસ્તારના કેન્સરના દર્દીઓને અમદાવાદ, જામનગર, વડોદરા, રાજકોટ જેવા સ્થળોની સરકારી હોસ્પિટલ ખાતે કિમોથેરાપીની સારવાર માટે આવવા-જવાનો ખર્ચ અને સમય બચાવવાનો છે. ત્રણ વર્ષમાં બે લાખથી વધુ સેશન દ્વારા 78 હજારથી વધુ દર્દીએ વિનામૂલ્યે કિમોથેરાપી સારવારનો લાભ લીધો છે. આ સેવાઓ માટે રાજ્ય સરકારે અમદાવાદની સિવિલ હોસ્પિટલ-અમદાવાદ અને ગુજરાત કેન્સર સંશોધન સંસ્થા – GCRI સાથે કરાર કર્યો છે.*

*મિત્તલ પટેલ, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ*

---

# GIR SOMNATH SWATCHTA

"સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" અને "સ્વચ્છોત્સવ"નું મહા-અભિયાન ગીર સોમનાથ જિલ્લામાં સફળતાપૂર્વક સંપન્ન થયું.

જિલ્લાની ઉના, વેરાવળ, તાલાલા, કોડીનાર અને સુત્રાપાડા નગરપાલિકા દ્વારા વ્યાપક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. જેમાં જાહેર પરિવહન સ્થળ , ધાર્મિક, પ્રવાસન સ્થળોની સફાઈ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરાયું.

---

# GOVERNOR AHMEDABAD

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અમદાવાદમાં કૃષ્ણનગર ખાતે આયોજિત ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી માર્ગદર્શન શિબિરમાં પ્રાકૃતિક ખેતી , ગૌસંવર્ધન અને આરોગ્ય સંબંધિત ગંભીર મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરી.

તેમણે ધરતીની સ્થિતિ, રાસાયણિક ખેતીના દુષ્પ્રભાવો અને પ્રાકૃતિક ખેતીના ફાયદા જણાવ્યા હતા. શ્રી દેવવ્રતે કહ્યું હતું કે , રાસાયણિક ખાતર-પેસ્ટિસાઇડના અતિઉપયોગથી જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટી ગયો છે.

---

# STATE SIR

સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા શરૂ કરવામાં આવી છે. ત્યારે અરવલ્લી જિલ્લા કલેક્ટર અને ચૂંટણી અધિકારી પ્રશસ્તિ પારિકે સ્પષ્ટતા કરતાં જણાવ્યું, કે સાચા નામ રહી ન જાય અને ખોટા નામ આવી ન જાય , તે માટે આ એક શુદ્ધિકરણની પ્રક્રિયા છે, જેમાં કોઈ મતદાતાનું નામ કમી નહીં થાય.

**આ પ્રક્રિયા અંગે રાજકોટ કલેક્ટર ઓમ પ્રકાશે વધુ માહિતી આપી.**

## બાઇટ : ઓમ પ્રકાશ, કલેક્ટર

---